# સર્જકતાનો નવોન્મેષ | રતિલાલ બોરીસાગર

[**'પછડાટ'** : નિર્મિશ ઠાકર, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૭]

હાસ્યરચનાઓની વાત હોય કે ગંભીર રચનાઓની – નિર્મિશ એટલે નિત્યનૂતનતા ! 'ટ્રાયોલેટ' જેવા અભિનવ કાવ્યસ્વરૂપના જન્મદાતા બનવાનું સદ્‌ભાગ્ય પણ એમને સાંપડ્યું છે. હાસ્યક્ષેત્રે તો નિર્મિશ જેટલી પ્રયોગશીલતા ભાગ્યે જ એમની પેઢીના કોઈ સર્જકે દાખવી હશે. હાસ્યરસની પદ્યરચનાઓ – ખાસ કરીને પ્રતિકાવ્યોના સર્જનમાં નિર્મિશનું નામ સર્વોચ્ચ સ્થાને મૂકી શકાય. આપણી ભાષામાં – કદાચ બીજી ભાષાઓમાં પણ – હાસ્યરસનો મહિમા ઓછો છે. પ્રતિકાવ્યને તો પશ્ચિમમાં પણ 'કાવ્ય' સંજ્ઞાનો દરજ્જો મળતો નથી. એ વાત ખરી છે કે હાસ્યરસની કાવ્યરચનાઓમાં 'હાસ્ય' સિદ્ધ કરવાની જેટલી મથામણ થાય છે એટલી 'કાવ્ય' સિદ્ધ કરવાની નથી થતી. પણ નિર્મિશ એમાં સુખદ અપવાદ છે. નિર્મિશની હાસ્યકાવ્ય-રચનાઓમાં 'હાસ્ય' અને 'કાવ્ય' ઉભય સિદ્ધ કરવાની મથામણ દેખાય છે. નિર્મિશ આવી મથામણ કરી શકે છે કારણ કે છંદઃશાસ્ત્ર (ગઝલના છંદઃશાસ્ત્ર સહિત) પર એમનું પ્રશસ્ય પ્રભુત્વ છે. આ ભૂમિકાના ઉપલક્ષ્યમાં નિર્મિશ ઠાકરના હાસ્યરસિક ઉખાણાંઓના સંગ્રહ 'પછડાટ'ની વાત કરીશું.

'ઉખાણું' એટલે સમસ્યા-કોયડો. શામળની વાર્તાઓમાં બુદ્ધિની બરાબરની કસોટી કરે એવી સમસ્યાઓનું નિરૂપણ જોવા મળે છે. આપણે જેને 'ઉખાણું' કહીએ છીએ તે સામાન્ય રીતે બાળકો (મોટી સાઇઝનાં બાળકો પણ) માટેની હળવી પદ્યાત્મક સામગ્રી હોય છે. ઉખાણાંમાં કશાકનાં લક્ષણો વર્ણવવામાં આવે છે અને એ લક્ષણો પરથી જેના વિશેની વાત હોય તેને ઓળખી કાઢવાનો પ્રયત્ન કરવાનો હોય છે. આમાં વરતવાની-ઓળખવાની વાત હોય છે એટલે ગોહિલવાડી બોલીમાં એને 'વરત' તરીકે પણ ઓળખવામાં આવે છે. કદાચ બીજી પ્રાદેશિક બોલીઓમાં પણ ખાણા માટે આવો કોઈ શબ્દ હોય એમ બને.

'પછડાટ' સંગ્રહમાં ઉખાણાંઓ સાથે હઝલો પણ આપવામાં આવી છે. 'ગુજરાત સાહિત્ય અકાદમી' દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'ઉર્દૂ ગુજરાતી શબ્દકોશ' (પ્રથમ આવૃત્તિ-૧૯૯૯)માં 'હઝલ' શબ્દનો અર્થ 'અશ્લીલ કવિતા' એવો આપ્યો છે અને 'હઝલ' પરથી બનેલા શબ્દ 'હઝલગો'નો અર્થ 'અશ્લીલ અને હસાવનારી કવિતા કરનાર' એવો આપ્યો છે (પાન નંબર ૧૧૦૦). કદાચ આમાંથી હસાવનારી ગઝલ માટે હિન્દીમાં 'હઝલ' શબ્દ રૂઢ થયો હોય એમ બને. અલબત્ત, ગઝલ-હઝલના અભ્યાસીઓ આ અંગે વિશેષ પ્રકાશ પાડી શકે. ગુજરાતીમાં આપણે હિન્દીમાંથી આ 'હઝલ' શબ્દ સ્વીકાર્યો હોય એમ જણાય છે. હાસ્યરસના કોઈ પણ કાવ્ય માટે આપણે 'હઝલ' શબ્દ વાપરતાં નથી – હાસ્યરસની ગઝલ માટે જ હઝલ શબ્દ આપણે વાપરીએ છીએ. તો પછી જે રીતે આપણે 'હાસ્ય-કાવ્ય' કે 'હાસ્ય-વાર્તા' એવો પ્રયોગ કરીએ છીએ તે રીતે 'હાસ્ય-ગઝલ' એવો પ્રયોગ કેમ નથી કરતાં ? કદાચ આપણી હઝલોમાં હાસ્ય સિદ્ધ કરવાની જેટલી મથામણ દેખાય છે એટલી કાવ્યત્વ સિદ્ધ કરવા માટેની મથામણ દેખાતી નથી એટલે ? ખરેખર તો હઝલકારને માથે બેવડી જવાબદારી છે : એણે નિર્દોષ અને નિર્મળ હાસ્ય પણ સિદ્ધ કરવાનું છે અને કાવ્યત્વ પણ સિદ્ધ કરવાનું છે. આપણા સુપ્રસિદ્ધ ગઝલકાર અને ગઝલસ્વરૂપના ઊંડા અભ્યાસી રાજેશ 'મિસ્કીને' ચન્દ્રકાંત ટોપીવાળાનું જે વિધાન 'ગઝલવિમર્શ'માં ઉદ્ધૃત કર્યું છે (પાના નં. ૧૮૧) તે સમજવાની ગઝલકારોને જેટલી જરૂર છે એટલી જ જરૂર હઝલકારોને પણ છે. ટોપીવાળાસાહેબ કહે છે : "ગઝલ કાવ્યનો પ્રકાર છે. સૉનેટ હોય અને કાવ્ય ન બને, હાઇકુ હોય અને કાવ્ય ન બને તેમ ગઝલ હોય અને કાવ્ય ન બને ગઝલત્વ પ્રણાલી છે. કાવ્યત્વ પ્રતિભા છે. આ બેનો સમન્વય જ કાવ્યપ્રકાર સિદ્ધ કરી શકે. હઝલમાં તો ગઝલત્વ અને કાવ્યત્વ ઉપરાંત હાસ્યનો સમન્વય પણ થવો જોઈએ. નિર્મિશ આ અંગે પૂરેપૂરા જાગ્રત છે એવી મારી છાપ છે.

'પછડાટ'નાં ઉખાણાંઓ અને હઝલોમાં નિર્મિશની હાસ્યની સૂઝ અને એ સૂઝનો વિનિયોગ કરવાની સર્જક-પ્રતિભાનો પરિચય મળે છે. ઉખાણાંઓ સાથે આપવામાં આવેલી હઝલો અવકાશપૂરક તરીકે મૂકવામાં નથી આવી. આ હઝલો દૃષ્ટિપૂર્વકના પરિરૂપનો એક ભાગ છે. જે વિષયનું ઉખાણું હોય એ જ વિષયની હઝલ મુકાઈ છે. આ કારણે વક્તવ્ય વધારે વિશદ બન્યું છે એટલું જ નહિ, એક જ વિષયની ભિન્ન અભિવ્યક્તિ-તરેહ પણ એટલી જ આસ્વાદ્ય બની રહે છે. દરેક ઉખાણાનો જવાબ અને સાથે 'જવાબ અંગે કુતર્ક' એવા શીર્ષકથી હઝલના ચાર-ચાર શેર આપવામાં આવ્યા છે. ચાર-ચાર શેરની આ એકરૂપતા પણ પરિરૂપની સુરેખતામાં ઉમેરો કરે છે. અહીં સંગૃહીત થયેલાં ઉખાણાં અને હઝલોમાં હાસ્ય અને કટાક્ષનો સુભગ સમન્વય જોવા મળે છે. સાંપ્રત રાજ-કારણ અને સમાજજીવન પર દંશરહિત કટાક્ષો છે. સાહિત્યિક રચનામાં દંશરહિત કટાક્ષનો ઘણો મહિમા છે. દંશયુક્ત કટાક્ષ બૌદ્ધિકતા કે સૂક્ષ્મતાની દૃષ્ટિએ ગમે તેટલો ઊંચી કોટિનો હોય તોપણ રસક્ષતિ કરનારો નીવડે છે. મર્માળુ હાસ્ય, દંશરહિત કટાક્ષ અને રચનારીતિના નાવીન્યને કારણે આ રચનાઓ – ખાસ કરીને ઉખાણાંઓ – આસ્વાદ્ય બની છે.

'પછડાટ'નાં ઉખાણાંઓ અને હઝલોમાંથી કેટલાંક ઉદાહરણો રજૂ કર્યાં છે. દરેક હઝલના ચાર-ચાર શેરને બદલે નમૂના રૂપે બબ્બે શેર આપ્યા છે :

**(૧)**

**કલમે કાઠો છે, છતાં**
**નહીં કવિ નહીં લેખક**
**'કૃતિ'નાં કાઢે છોતરાં**
**કદી ચૂકે ના તક.**

(જવાબ : વિવેચક)

જવાબ અંગે કુતર્ક

**કૈં ન ઉગાડી શકે વિવેચકો**
**શબ્દને વાઢી શકે વિવેચકો**
**સર્જનોમાં એમના ઓજારથી**
**ગાબડાં પાડી શકે વિવેચકો.**

**(૨)**

**કામ તમે ચીંધો પછી**
**આંખો એની ફેણ**

**તૂર્ત રકાબી ફોડશે**
**નહીં સાંધો નહીં રેણ.**

(જવાબ : રામો)

જવાબ અંગે કુતર્ક

**રોફ તમારો ઘરમાં ઊતરી જાય છે જ્યારે**
**રોફથી ફરતા રામાથી તો રામ બચાવે**
**'છૂટા કરી દઉં તમને' એવી ધમકી સાથે**
**માલિક બનતા રામાથી તો રામ બચાવે.**

**(૩)**

**કંથ સમો બબડે કદી**
**કોઈ ન સાંભળનાર**
**ટીવીએ ઘર ઝૂંટવ્યું**
**કાઢ્યો ઘરની બહાર.**

(જવાબ : રેડિયો)

જવાબ અંગે કુતર્ક

**ભૂતકાળોમાં સરે છે**
**રેડિયો કોને જડે છે ?**
**આ ટીવીના વ્યાપ વચ્ચે**
**રેડિયો કોને અડે છે ?**

**(૪)**

**જે ખાતાં કિસ્મત ખૂલે**
**બંધ રહે છે મુખ**
**ઓડકાર આવે નહીં**
**ને બમણી લાગે ભૂખ.**

(જવાબ : લાંચ)

જવાબ અંગે કુતર્ક

**માર્ગદર્શક તું જ તારો, કાઢ રસ્તો...**
**કેટલી લેવી ને ક્યારે લાંચ લેવી**
**નાંખવો ના હાથ નાનામાં કદીયે**
**શક્ય હો તો ખૂબ ભારે લાંચ લેવી**

ઉખાણાંઓ અને હઝલોનો આ નાનકડો સંગ્રહ ગુજરાતી હાસ્યસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો છે.